ગુજરાત સરકારના વર્ગ-૧ અને વર્ગ-૨ ના અધિકારીઓના વાર્ષિક કામગીરી મૂલ્યાંકન માટે અહેવાલ હેઠળના અધિકારીએ રેફરલ બોર્ડને કરેલ અપીલ અરજીના નિકાલ અંગે.

ગુજરાત સરકાર
સામાન્ય વહીવટ વિભાગ
ઠરાવ ક્રમાંકઃખઙલ-૧૦૨૦૧૩-૫૬૨૨૯૪-ભા-૧-ક
સચિવાલય, ગાંધીનગર
તારીખઃ ૩૦-૦૮-૨૦૧૮

વંચાણે લીધોઃ
(૧) સામાન્ય વહીવટ વિભાગનો તા.૧૯.૧.૨૦૧૫નો ઠરાવ ક્રમાંકઃખઙલ-૧૦૨૦૧૩-૫૬૨૨૯૪-ક
(૨) સામાન્ય વહીવટ વિભાગનો તા.૩૧.૩.૨૦૧૮નો ઠરાવ ક્રમાંકઃખઙલ-૧૦૨૦૧૮-૮૦૭૯૨-ક

<u>ઠરાવઃ-</u>

ગુજરાત સરકારના વર્ગ-૧ અને વર્ગ-૨ના અધિકારીઓના વાર્ષિક કામગીરી મૂલ્યાંકન માટે ખાનગી અહેવાલના બદલે કામગીરી મૂલ્યાંકન અહેવાલ લખવાની સૂચનાઓ સા.વ.વિભાગના વખતોવખતના ઠરાવથી પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. તે સંદર્ભ (૨) માં વંચાણે લીધેલ ઠરાવથી વાર્ષિક કામગીરી મૂલ્યાંકન અહેવાલની સૂચનાઓ પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. અહેવાલ હેઠળના અધિકારીની અપીલ અરજીના નિકાલ માટે રેફરલ બોર્ડ તરીકેની કામગીરી ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલને સોંપવામાં આવેલ છે રેફરલ બોર્ડની રચના તથા તેની કાર્યપદ્ધતિ ઉપર વંચાણે લીધા ક્રમ-૧ પરના ઠરાવથી નિયત કરવામાં આવેલ છે.

રાજય સરકારના વર્ગ-૧ અને વર્ગ-૨ના અધિકારીઓના વાર્ષિક કામગીરી મૂલ્યાંકન અહેવાલમાં તેમને આપવામાં આવેલ ગુણ બાબતે અથવા અન્ય કોઈ બાબતે અસંતોષ જણાય ત્યારે અહેવાલ હેઠળના અધિકારીની રજુઆત પરત્વે અહેવાલ લખનાર તેમજ સમીક્ષક અધિકારીના રીમાર્કસ મેળવ્યા પછી સંવર્ગ સંચાલક દ્વારા લેવાયેલ નિર્ણયથી પણ અહેવાલ હેઠળના અધિકારીને જો અસંતોષ હોય તો આવા અધિકારીએ સબંધિત વિભાગ મારફતે રેફરલ બોર્ડ સમક્ષ નિયત સમય મર્યાદામાં રજુઆત કરવાની રહે છે.

રેફરલ બોર્ડ દ્વારા લેવાયેલ નિર્ણય અન્વયે પુનઃવિચારણા ન કરવા અને તેને આખરી ગણવા અંગે ઉપર સંદર્ભ (૧) માં વંચાણે લીધેલ ઠરાવના પારા-૧૨ અને ૧૬ માં સ્પષ્ટ જોગવાઈ કરવામાં આવેલ છે.

તેમ છતા અનુભવે એવુ જણાયેલ છે કે, સંબંધિત વિભાગના પ્રતિનિધિ રેફરલ બોર્ડની નિર્ણય પ્રક્રિયામાં એકવાર સંમત થયા પછી પાછળથી અલાયદી નોંધ/રજૂઆત મોકલીને તેમના અગાઉના નિર્ણયથી વિરૂદ્ધનો મત પ્રગટ કરે છે તેમજ રેફરલ બોર્ડ દ્વારા આખરી હુકમ થયા પછી પણ વિભાગો દ્વારા આવા હુકમમાં ફેરવિચારણા કરવાની દરખાસ્ત ટ્રીબ્યુનલ સમક્ષ કરવામાં આવે છે. આ બાબત નિયત કરાયેલ કાર્યપદ્ધતિ સાથે કોઈ પણ રીતે સુસંગત નથી.

આ પ્રકારની પરિસ્થિતિ નિવારવા માટે સબંધિત વિભાગના પ્રતિનિધિ સક્ષમ સત્તાધિકારી સાથે પૂર્વ પરામર્શ કર્યા બાદ રેફરલ બોર્ડની નિર્ણય પ્રકિયામાં સામેલ થાય તેવી વ્યવસ્થા સુનિશ્ચિત કરાય તે ઇચ્છનીય છે.

રેફરલ બોર્ડ રાજય સરકાર વતી કાર્ય કરી રહેલ છે. રેફરલ બોર્ડનો નિર્ણય એ રાજય સરકારનો નિર્ણય છે. જો રેફરલ બોર્ડના નિર્ણય અંગે વિભાગને અસંતોષ હોય તેવમા સંજોગોમાં વિભાગ પ્રવર્તમાન કાયદાકીય પધ્ધતિઓ મુજબ આગળની કાર્યવાહી કરી શકે છે. સંબંધિત વિભાગના પ્રતિનિધિઓ દ્વારા રેફરલ બોર્ડની નિર્ણય પ્રક્રિયામાં એકવાર સંમત થયા પછી તેનાથી વિરૂદ્ધનો મત પ્રગટ કરવામાં ન આવે તેમજ રેફરલ બોર્ડના આખરી હુકમ સામે ફેરવિચારણા કરવાની દરખાસ્ત કરવામાં ન આવે તે જોવા આથી સર્વે વિભાગોને જણાવવામાં આવે છે.

(એ.એચ.મનસુરી)
નાયબ સચિવ
સામાન્ય વહીવટ વિભાગ
ગુજરાત સરકાર

પ્રતિ,

માન. રાજયપાલશ્રી ના અગ્ર સચિવશ્રી.
માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી.
માન. મંત્રીશ્રી/ રા.ક.મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ.
માન. વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી.
મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.
- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રિબ્યુનલ, ગાંધીનગર.
- સચિવશ્રી , ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ.

ઉપસચિવશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજય, અમદાવાદ.
એડીશનલ એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજય, અમદાવાદ/ગાંધીનગર.
સામાન્ય વહીવટ વિભાગના સર્વે અધિકારીઓ/ સર્વે શાખાઓ .
પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
રેસીડેન્ટ ઓડીટ ઓફીસરશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
ડાયરેકટર જનરલશ્રી, સરદાર પટેલ લોકપ્રશાસન સંસ્થા, અમદાવાદ-૧૫.
સચિવાલયના સર્વે વિભાગો. (સર્વે ખાતાનાવડાઓ ખાતાના નિયંત્રણ હેઠળની કચેરીઓને ઉકત સૂચના મોકલવા વિનંતી સહ )
નાયબ સેકશન અધિકારીની સિલેકટ ફાઇલ.
<u>સિલેકટ ફાઇલ.</u>

- પત્રદ્વારા